

# સુરતીઓનો વાચનપ્રેમ: ઘરમાં અને ઓફિસમાં બનાવી છે લાઈબ્રેરી

અત્યારે સોશ્યલ મિડિયાનો જમાનો છે એટલે લોકોને સ્કૂલ કે કોલેજ સ્ટડી રિલેટેડ કે પછી બિઝનેસ, રસોઈ રિલેટેડ તથા અન્ય વિષયો પર માહિતી જોઈતી હોય તો ગુગલના માધ્યમથી માહિતી મેળવી લે છે. એને કારણે સ્થિતિ એવી ઊભી થઇ છે કે હવે પુસ્તકવાચન ઘટ્યું છે. લોકો મોબાઈલ ફોન કે અન્ય ગેજેટ્સ પર રચ્યાપચ્યા રહે છે. એને કારણે પહેલાં કહેવાતું ને કે પુસ્તકો આપણાં સાચાં મિત્રો હોય છે તે વાક્ય સંભળાતું હવે લગભગ બંધ થઈ ગયું છે. લોકો પુસ્તકવાચનની ટેવ કેળવે, પુસ્તકવાચનથી આનંદ મેળવે તે માટે હવે દર વર્ષે 23 એપ્રિલે વિશ્વપુસ્તક દિવસ ઉજવાય છે. તે દિવસે પ્રસિદ્ધ લેખક મિગુએલ સર્વેન્ટ્સ સાવેદ્રા અને વિલિયમ શેક્સપિયરનું નિધન થયું હતું એટલે તેમની યાદમાં આ દિવસ ઉજવાય છે. સુરતીઓ જેમ ખાવા-પીવાના શોખીન છે, ફરવાના શોખીન છે તેમ પુસ્તકપ્રેમી પણ છે. અત્યારે સોશ્યલ મિડિયાના જમાનામાં પણ કેટલાંક સુરતીઓ પુસ્તકવાચન માટે મમત્વ ધરાવે છે અને જ્યાં તેમની પસંદનું પુસ્તક મળે તે ખરીદી લઈ પોતાના ઘરમાં તેને વિશેષ સ્થાન આપે છે. તો ચાલો, આપણે આવાં સુરતીઓને મળીએ અને તેઓના પુસ્તકપ્રેમને જાણીએ.


## અમારા ઘરમાં અને ઓફિસમાં 5000થી વધારે બુક્સ છે, ગિફ્ટમાં પણ બુક્સ આપીએ: ભાવિન શાહ





"તમે અમારા ઘરમાં આવશો ને તો ઘરના દરેક બેડરૂમમાં પુસ્તકોનો ખજાનો જોવા મળશે. ઘરમાં કોમન જગ્યા પર દોઢ હજારથી વધારે પુસ્તકો છે. મારા ફાધર બહારગામ જતાં તો અમારા ભાઈ બહેનો માટે કપડાં, રમકડાં કે ચોકલેટ નહીં લાવતાં પણ પુસ્તકો લાવતા." આ શબ્દો છે ન્યુ સિટીલાઈટ વિસ્તારમાં રહેતા 43 વર્ષીય ભાવિનના. તેમણે જણાવ્યું કે "મારા ફાધર ડૉ.જીતુભાઈને બચપનથી પુસ્તકો પ્રત્યે પ્રીત બંધાઈ હતી. વાચનના શોખને કારણે તેઓ જ્યાં પણ જાય ત્યાં કોઈ પુસ્તક તેમને ગમી જાય તો ખરીદી લેતાં. તેમનો વાચનપ્રેમ અમારા બંને ભાઈઓમાં અને ત્રણેય બહેનોમાં પણ ઊતર્યો છે. અમારી ઓફિસમાં અઢી હજાર અને ઘરમાં પણ તેટલાં જ પુસ્તકો છે. અમારા બેડરૂમમાં TV નથી પણ પુસ્તકોના કબાટ છે. અમે ગિફ્ટમાં પણ લોકોને પુસ્તકો આપીએ છીએ. એક વાર મારા ફાધર એક લગ્ન સમારોહમાં ગયા હતા ત્યારે કોઈ રિલેટિવનું ચાંદલાનું કવર પણ સાથે હતું પણ જેમને ત્યાં લગ્ન હતાં તેમણે એ લગ્ન કવર નહોતું લીધું તો મારા ફાધરે ઘણાં પુસ્તકો ખરીદ્યા બાદ એરપોર્ટ પર પહોંચ્યા ત્યાં ટાઈમ હતો અને તેમણે ફરી પુસ્તકો ખરીદવાની ઈચ્છા થઈ પણ પૈસા નહીં હતાં તો ચાંદલાના કવરથી પુસ્તકો ખરીદ્યાં હતાં. અમારી પાસે અધ્યાત્મને લગતાં, રસોઈ, બાળઉછેર, જીવન કઈ રીતે સારી રીતે જીવી શકાય તેનાં પુસ્તકો વિપુલ પ્રમાણમાં છે. જો અમે ભાઈઓ અને ફાધર કશે બહારગામ ગયા હોઈએ અને અમને કોઈ પુસ્તક ગમી જાય તો અમે એ જ પુસ્તક ત્રણ નંગ લઈ દરેકને ઈંડિવિઝ્યુઅલ આપીએ." ▪

## હું 10 હજારનો ડ્રેસ નહીં ખરીદું પણ એક ઝાટકે 10 હજારનાં બુક્સ લઈ લઉં: ડૉ. બીના ગજ્જર



"તમે નહીં માનો પણ આ હકીકત છે કે મને બુક્સ વાચનનો ગજબનો શોખ છે. મારા પર્સમાં અને કારમાં પણ બુક્સ રાખું છું. પણ હા, મેં મેળવેલાં પુસ્તકો કોઈને સહજતાથી નહીં આપું અને જો આપું તો તે બુક્સ પાછાં મેળવવા પઠાણી ઉઘરાણી પણ કરું." આ શબ્દો છે ઘોડાદોડ વિસ્તારમાં રહેતા અને વ્યવસાયે ક્લિનિકલ સાઈકોથેરાપીસ્ટ 36 વર્ષીય ડૉ.બીના ગજ્જરના. તેમણે જણાવ્યું કે "મને બાળપણથી વાચન કરવું ગમતું એટલે મને ઘરમાંથી જે પોકેટ મની મળતા તે સેવિંગ કરેલા પૈસામાંથી હું બુક્સ ખરીદતી હતી. કોલેજની સ્ટડી દરમિયાન પાર્ટ ટાઈમ જોબ કરતી તેમાંથી પણ હું બુક્સ ખરીદતી. મારી પાસે 1500 બુક્સનો ખજાનો છે. હું 10 હજાર રૂ. નો ડ્રેસ નહીં ખરીદું પણ હા, પુસ્તકો ખરીદવા એકઝાટકે 10 હજાર રૂ. ખર્ચી નાખું. મારી પાસેનાં પુસ્તકોમાં મારા સાયકોલોજી વિષયનાં, બાળકોને લગતાં, સ્ત્રીઓને લગતાં તથા સાહિત્યનાં પુસ્તકો છે. કોઈને માટે હું પૈસા ખર્ચીને બુક્સ લાવીને ભેટ કરું પણ મારી પાસે જે પુસ્તકો છે તેમાંથી કોઈને પણ પુસ્તક નહીં આપું. અત્યારે લોકોમાં વાચનશોખ ઘટ્યો છે તે ચિંતા ઉપજાવે તેવું છે." ▪



## મોટીવેશનલ પુસ્તકોનો ખજાનો છે, 90 પુસ્તકોનો સેટ એક સ્કૂલને ભેટ આપ્યો હતો: રૂપીન પચ્ચીગર





રૂપીન પચ્ચીગર શિક્ષણ, કલા અને અભિનયના ક્ષેત્ર સાથે જોડાયેલા રહ્યા છે. તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને 25 વર્ષથી રાષ્ટ્રીય કલા કેન્દ્ર સાથે જોડાયેલા છે. તેઓ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન પણ રહ્યા છે. સ્વાભાવિક છે જેમનો શિક્ષણ સાથે નાતો રહ્યો હોય તેમનો વાચનશોખ ઉલ્લેખ+નીય જ હોવાનો. ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતા 72 વર્ષીય રૂપીન પચ્ચીગરે તેમના વાચનની ભૂખ સંતોષવા ઘરમાં અને ઓફિસમાં પુસ્તકોની લાઈબ્રેરી બનાવી છે. તેમણે જણાવ્યું કે "મેં પોતે ચાર પુસ્તકો લખ્યાં છે. મારી પાસે ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ ભાષાનાં 500થી વધુ મોટીવેશનલ, આધ્યાત્મિક, કલા અને સાહિત્યનાં પુસ્તકો છે. જે મને આત્મવિશ્વાસથી ભરપૂર રાખે છે. હું શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલો છું એટલે મને ઘણી જગ્યાઓ પર વક્તવ્ય આપવા બોલાવવામાં આવે છે ત્યાં મને ભેટમાં જે પુસ્તકો મળે છે તે પણ હું સાચવીને રાખું છે. મારા ઘરે એક કલેકટર કક્ષાના અધિકારી આવ્યા હતા જેમને મારી પાસેનું રામાયણનું એક પુસ્તક ગમી જતાં તે મેં સપ્રેમ ભેટ આપ્યું હતું. મને 90 પુસ્તકોનો સેટ ભેટમાં મળ્યો હતો જે મેં એક સ્કૂલને ભેટ આપ્યો હતો. એવી જ રીતે મેં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને એનસાયકલોપીડિયાનાં પુસ્તકોનો સેટ ભેટ આપ્યો હતો." ▪



## હું કોઈને પુસ્તક આપું તો કહું છું રિટર્ન નહીં કરતાં, પણ બીજા વાચકને ફોરવર્ડ કરજો: ડૉ. તીર્થેશ મહેતા



તમે નહીં માનો પણ મને કુદરતી રીતે જ વાચનનો શોખ છે. પાંચમા ધોરણમાં હતો ત્યારે વાલ્મિકીરચિત આખું રામાયણ અને આખું ઓરીજીનલ મહાભારત પુસ્તક વાંચી કાઢયાં હતાં અને તે પણ અનેક વાર. 2002થી પુસ્તકોનો સંગ્રહ કરું છું. આ શબ્દો છે વેસુ વિસ્તારમાં રહેતા M.S. ઓર્થોપેડિક ડૉ. તીર્થેશ મહેતાના. તેઓએ L.L.Bની સ્ટડી પણ કરી છે. તેમણે જણાવ્યું કે મેં 8-9મા ધોરણ સુધીમાં તો ગુજરાતીની પ્રમુખ નવલકથાઓ વાંચી નાંખી હતી. 12મા ધોરણમાં વેકેશન દરમિયાન ઈંગ્લીશનાં પુસ્તકો વાંચવા લાગ્યો હતો. મને જીવનમાં બીજો કોઈ શોખ નથી એટલે મારી પાસે જે પૈસા હોય તેમાંથી હું પુસ્તકો વસાવવાનો આગ્રહ રાખું. મારી પાસે બે હજારથી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. ઘરમાં મેં પુસ્તકોની એક દીવાલ બનાવી છે. હોસ્પિટલમાં પણ પુસ્તકોનો ખજાનો છે. ફિલોસોફી, સાયકોલોજી, હિસ્ટ્રી અને પોપ્યુલર સાયન્સનાં પુસ્તકો વાંચવાનું ગમે છે. હિસ્ટ્રીમાં 1857થી લઈને અત્યાર સુધીના અને વર્લ્ડ વૉર એક અને 2ના હિસ્ટ્રીનાં પુસ્તકો વાંચ્યાં છે. 'હું બધાને પ્રેમથી પુસ્તક આપું અને કહું, આ પુસ્તક પરત નહીં કરતા પણ તમારા જેવા રીડરને ફોરવર્ડ કરજો'. મારો ક્રમ રહ્યો છે શનિવારે બપોરે અઢીથી 9 વાગ્યા સુધી પુસ્તક વાચન કરવું અને રવિવારે સવારે વાંચું. ▪

## 800 પુસ્તકોના સંગ્રહથી ઘરને બનાવી દીધું છે પુસ્તકાલય: ડૉ. જય મહેતા






"મારી પાસે એક હજાર પુસ્તકોનો સંગ્રહ હતો પણ તેમાંથી 200 પુસ્તકો મેં સુરતમાં વાચનપ્રવૃત્તિ માટે ચાલતી પુસ્તક પરબને ભેટ કર્યાં છે." આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતા 39 વર્ષીય પ્રોફેસર ડૉ. જય મહેતાના. ગાંધી ઈન્જીનિયરિંગ કોલેજમાં ઈંગ્લીશ વિષયના લેક્ચરર ડૉ. જય મહેતાના ઘરમાં 800 પુસ્તકોની લાઈબ્રેરી છે. તેમણે જણાવ્યું કે "મારામાં વાચનનો શોખ કેળવાય તે માટે મારા પેરેન્ટ્સ અને પ્રોફેસર મને પુસ્તકો આપતાં હતાં. હું ભાવનગરમાં B. A. વિથ ઈંગ્લીશનો સ્ટડી કરતો હતો ત્યારે મને પુસ્તકો પર માર્કિંગ કરવાની આદત હતી પણ લાઈબ્રેરીનાં પુસ્તકો પર માર્કિંગ ના થઇ શકે એટલે મેં પોતાના પોકેટ મનીમાંથી પુસ્તકો વસાવવાની શરૂઆત કરી. કોલેજમાં ભણાવવાનું શરૂ કર્યું પછી સ્પાર્કલ લિટરેચર એક્ટિવિટીઝ માટે વિદ્યાર્થીઓને મારા સંગ્રહમાંથી પુસ્તકો વાંચવા આપું છું. મારી પાસે સાહિત્ય, હિસ્ટરી,નવલકથા અને જનરલ નોલેજનાં પુસ્તકો છે. મારી ટ્રાન્સફર સુરત થતાં હું મારાં પુસ્તકોનો સંગ્રહ સુરત લઈ આવ્યો. મારી પાસે એક બેગ છે જેમાં હું બે-ત્રણ પુસ્તકો કાયમ રાખું જ્યારે મારે ટ્રેનમાં જવાનું હોય કે પછી કોઈને મળવા રાહ જોવાની હોય ત્યારે તે પુસ્તકો વાંચું. મારાં કિંમતી પુસ્તકો કોઈને નહીં આપું પણ કોઈ મારી પાસે તેવાં પુસ્તકો માંગે તો ઓન લાઈન મંગાવીને આપું. જો કે, હું એક વાતનો સ્વીકાર પણ કરું છું અને મને એ વાતનો થોડો ખેદ પણ છે કે, હવે સોશ્યલ મિડિયા, ઈન્સ્ટાગ્રામ અને યુ-ટ્યુબ પર વાચન સરળ રહેતું હોવાથી હું પણ તેનો આદિ થઈ ગયો છું એટલે મારું પુસ્તક વાચન થોડું ઓછું થયું છે. જો કે, હજી પણ હું રોજ અડધો એક કલાક તો વાચન કરું જ છું." ▪

## મને રોજના બે-ત્રણ કલાક વાંચવાનું વ્યસન છે. ઘરમાં બુક સાચવવા વોલ ઊભી કરી છે: જવાહર પટેલ





"હું અત્યારે ખેતીની પ્રવૃત્તિ કરું છું. તે સાથે મને રોજ બેથી ત્રણ કલાક વાંચવાનું વ્યસન છે એટલે હું પુસ્તકોનો સંગ્રહ કરું છું." આ શબ્દો છે પીપલોદ વિસ્તારમાં રહેતાં 77 વર્ષીય જવાહર પટેલના. તેઓ ખેતી માટે વલસાડ પણ રહેતા હોય છે. તેમણે જણાવ્યું કે, "મારી પાસે 500થી વધુ પુસ્તકો છે જેમાં ઘણું વૈવિધ્ય છે. જયારે હું સિવિલ એન્જિનિયરિંગની સ્ટડી કરતો હતો ત્યારે મારાથી મોટા મારાં સિસ્ટર આર્ટ્સમાં ભણતાં હતાં. તેમનાં પુસ્તકો જોતો અને વાંચતો એ રીતે પુસ્તકવાચન તરફ દોરાયો. પછી તો સાહિત્ય સાથે સંકળાયેલા મિત્રો બન્યા તો તેમની સાથે સાહિત્યની ચર્ચાઓ થતી એટલે સાહિત્યનાં પુસ્તકો એકત્રિત થતાં ગયાં. રામાયણ, મહાભારત અને ગીતાનાં પુસ્તકોમાં ઊંડો ઊતરતો ગયો અને એ પુસ્તકોનો પણ સંગ્રહ થયો. આધ્યાત્મિકતા સાથે પણ જોડાયો અને સંગીતકારોને મળવાનું થતાં તેનાં પુસ્તકોનું કલેક્શન કર્યું. નેચર ક્લબ સાથે જોડાયો હતો એટલે બર્ડ વોચિંગ કરતો હતો એટલે બર્ડ્સને લગતાં સલીમ અલી અને લાલસિંહ રાવોલનાં પુસ્તકો વસાવ્યાં. વાચનશોખને લીધે ઘરમાં બુક્સ માટે વોલ બનાવી છે. પહેલાંની વાત કરું તો કોઇ મારી પાસેથી પુસ્તકો વાંચવા લઈ જતાં એમાંથી કોઈ પરત કરતાં તો કોઈ નહીં. ત્યારે પુસ્તક પરત મેળવવા ઉઘરાણી કરતો. પણ હવે તો પુસ્તકો વાંચનારાઓની સંખ્યા જ ઘટી ગઈ છે એટલે હવે કોઈ પુસ્તક માંગે તો સમજી જાઉ કે આ રિયલ વાચક છે એટલે તેને પુસ્તક વાચન માટે આપું પણ પરત મેળવવાનો આગ્રહ નથી રાખતો." ▪

તમે નોટિસ કર્યું જ હશે કે હવે વાચન ઘટ્યું હોવાથી ધીરે ધીરે બુકસ્ટોર્સ બંધ થઈ રહ્યા છે. તેમની સંખ્યા ઘટી છે તેનું કારણ સોશ્યલ મિડિયા તરફ વધતો લોકોનો ક્રેઝ છે. હવે તો નાનાં નાનાં બાળકો પણ પુસ્તકો કરતાં વધારે તો મોબાઈલ ફોનમાં રચ્યાંપચ્યાં રહે છે. સુરતમાં એક સિનારિયો એ પણ દેખાઈ રહ્યો છે કે હવે વાચનાલયો, પુસ્તકાલયોમાં પણ રીડર્સની સંખ્યા ઘટી છે. જો કે, એ વચ્ચે કેટલાંક સુરતીઓનો વાચનપ્રેમ જળવાઈ રહ્યો છે. તેઓ દિવસમાં અડધો, એક કલાક તો વાચન માટે ફાળવે છે. તેઓ પુસ્તકો ખરીદવાનો આગ્રહ પણ રાખે છે અને પોતાના ઘર ઓફિસમાં નાનકડી લાઈબ્રેરી ઊભી કરે છે.

